ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતિક્ષાયાદીની મુદત અને ઉપયોગ બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-પીએસસી-૧૦૮૯-૩૯૧૦-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૪/૧૨/૨૦૦૮.

<u>વંચાણમાં લીધાઃ-</u>
(૧) સા.વ.વિભાગનો તા.૨૦-૦૨-૧૯૯૮ નો પરિપત્ર ક્રમાંકઃ-પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨,
(૨) સા.વ.વિભાગનો તા.૧૬-૦૬-૧૯૯૯ નો પરિપત્ર ક્રમાંકઃ-પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨,

પ રિ પ ત્રઃ-

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતિક્ષાયાદીની મુદત તથા પ્રતિક્ષાયાદીના ઉપયોગ બાબતમાં ઉપર વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૨૦/૨/૯૮ અને તા.૧૬/૬/૯૯ ના પરિપત્રોથી સુચનાઓ આપવામાં આવેલ છે. તદ્‌નુસાર આવી પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે બેમાંથી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી(કચેરી સમય સુધી જ) અમલમાં રહે છે. તેમજ આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી જો કોઈ ઉમેદવાર હાજર ન થાય તો તેટલી જ સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારોની માંગણી કરી શકાય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં કોર્ટ કેસના કારણે કે બીજા કોઈ અનિવાર્ય વહીવટી કારણોસર આયોગે ભલામણ કરેલ ઉમેદવારોને નિમણૂંકો આપવામાં વિલંબ થવાના લીધે આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવાર / ઉમેદવારો હાજર ન થાય તો તેટલી સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરના ઉમેદવારોના નામો ઉપર નિર્દેશીત નિયત સમય-મર્યાદામાં મંગાવી શકાતા નથી. પરિણામે પ્રતિક્ષાયાદીનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. આથી પ્રતિક્ષાયાદીના ઉપયોગ અને મુદત માટેની પ્રવર્તમાન સુચનાઓમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે પરત્વે પુખ્ત વિચારણાના અંતે ઉપર સંદર્ભમાં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૨/૯૮ અને તા.૧૬/૦૬/૯૯ ના પરિપત્રો રદ કરીને પ્રતિક્ષાયાદીની મુદત તેમજ પ્રતિક્ષાયાદીના ઉપયોગ બાબતે ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં રહીને નીચે પ્રમાણેની સુચનાઓ આપવામાં આવે છે.

<u>પ્રતિક્ષાયાદીની સમય-મર્યાદાઃ-</u>

(૧) સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા પરીક્ષા સિવાયની સીધી પસંદગીમાં પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરીણામ જાહેર થાય તે બે પૈકી જે વહેલું હોય, તેના આગલા દિવસ સુધી(કચેરી સમય સુધી જ) અમલમાં રહેશે.

P.T.O.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા ભલામણ કરાયેલા ઉમેદવારોને નિમણૂંક આપવા અંગેની સઘળી કાર્યવાહી ભલામણની તારીખથી બે માસમાં પુર્ણ કરવાની તથા તે અંગેની આયોગને વિગતવાર જાણ કરવા અંગેની સુચનાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧/૧૯૬૯ અને તા.૧૨/૧/૧૯૭૦ ના પરિપત્ર ક્રમાંકઃપીએસસી–૧૦૬૮–૬૫૬૪–જી થી આપવામાં આવી છે. આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે અને નિમણૂંકો આપવામાં શકય તેટલો ઓછો સમય લેવાય તે જરૂરી છે. પરંતુ કોઈપણ સંજોગોમાં આ સમય છ માસથી વધવો જોઈએ નહી. કોઈ ખાસ કિસ્સામાં તેમ ન બની શકે તો જે તે વિભાગ ધ્વારા જરૂરી કારણો સહિત તેવી બાબતોની જાણ અચૂકપણે આયોગને કરવાની રહેશે. વધુમાં ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા સીધી ભરતી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને વધુમાં વધુ છ માસમાં નિમણૂંકો આપી દેવાની રહેશે. પરંતુ કોર્ટ સમક્ષ કોઈ પડતર વિવાદ, મનાઈહુકમ, ચૂંટણીની આચારસંહિતાનો અમલ કે બીજા કોઈ અનિવાર્ય વહીવટી કારણોસર પસંદગીયાદી પરના ઉમેદવારને નિમણૂંક આપવામાં જો છ માસ કરતાં વધુ સમય જાય તો તેવા સંજોગોમાં પસંદગીયાદી ઉપરના છેલ્લા ક્રમાંકના ઉમેદવારનો નિમણૂંક હુકમ જે તારીખે કરવામાં આવે તે તારીખથી દોઢ વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી(કચેરી સમય સુધી જ)પ્રતિક્ષાયાદી અમલમાં રહેશે.

(૩) પ્રતિક્ષાયાદીની બે વર્ષની મુદતની શરૂઆત, ગુજરાત જાહેર સેવા આયોગે ભલામણ કર્યા તારીખથી ગણવાની રહેશે.

<u>પ્રતિક્ષાયાદીનો ઉપયોગઃ–</u>

(૧) સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા પરીક્ષા સિવાયની સીધી પસંદગીમાં આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી જો કોઈ ઉમેદવાર હાજર નહી થાય તો વિભાગ તેટલી જ સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારોની માંગણી કરી શકશે. પરંતુ સીધી પસંદગીમાં સમાવિષ્ટ તબીબી અને શૈક્ષણિક પ્રકારની જગ્યાઓમાં ગતિશીલતા વધુ હોય છે. આથી સીધી ભરતીના આવા કિસ્સામાં આયોગે ભલામણ કરેલ ઉમેદવાર હાજર ન થાય તો તે જગા ભરવા તેમજ ઉમેદવાર હાજર થયા બાદ અજમાયશી સમય દરમ્યાન રાજીનામું આપીને કે અન્ય કારણોસર ફરજમુકત(Relieve)થાય અને જગા ખાલી પડે તો તે પૂરવા માટે જ સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત, અનુભવ, જાતિ પ્રમાણપત્ર કે અન્ય કારણસર નિમણૂંકને પાત્ર ન બને ત્યારે ખાલી રહેતી જગ્યા માટે સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારનું નિમણૂંક આપતાં પહેલાં અવસાન થવાના પ્રસંગે સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

<u>પ્રતિક્ષાયાદીમાંથી નામો મેળવવાની દરખાસ્તઃ-</u>

સ્પર્ધાત્મક પરીક્ષા / સીધી પસંદગીની પ્રતિક્ષાયાદીમાંથી નામ મંગાવવા અંગેનો સરકારનો પત્ર આયોગની કચેરીને પ્રતિક્ષાયાદીની નિયત થયેલ મુદતમાં એટલે કે કચેરી સમય(office hours)માં મળશે તેવા કિસ્સાઓમાં આયોગ પ્રતિક્ષાયાદીમાંથી નિમણૂંક કરવા માટે ઉમેદવારોની ભલામણ કરશે.

<u>અન્ય જોગવાઈ :-</u>

રાજ્યમાં ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર સિવાયની જગ્યાઓ માટે પણ અન્ય ભરતી એજન્સીઓ દ્વારા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવે છે. ગુજરાત જાહેર સેવા આયોગના કાર્યક્ષેત્રાધિકાર સિવાયની અન્ય તમામ જગ્યાઓ માટે પણ ઉપરોક્ત જોગવાઈઓ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ એમ. રાવલ )
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી., ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી., ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (તેઓના નિયંત્રણ હેઠળના ખાતાના/કચેરીના વડાઓને જાણ કરવાની વિનંતી સહ)
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
× પત્ર દ્વારા.